## તને લઇ જઇશજ

**પંચમ શુક્લ**

બધી દોટ જયારે થશે બંધ ત્યારે
ઉચ્ચૈઃશ્રવા લગ તને લઇ જઇશજ.

મહા શ્વેત એની ગ્રહી હર્ષ-હેષા
કોઇ વિશ્રવા લગ તને લઇ જઇશજ.

અરણ્યે, શરણ્યે, સતતનાં સમીધે;
સ્થિર તું થતાં, અગ્નિહોત્રી બનીને,

પ્રખર તેજ રૂપે પ્રકટ ત્યાં થઈને
સ્વ-આહવા લગ તને લઇ જઇશજ.

લંડન, ૨૦૦૫